હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

અલ્યા... આપણે તો ભારત ચાલુ હોય તોય ક્યાં કાંઈ કામ હોય છે... લે પી...

ગલુદણ પાસેથી ડભોડા પોલીસે વિદેશી દારૂ ઝડપ્યો

ગાંધીનગર, તા.૧૧

ડભોડા પોલીસ દહેગામ-નરોડા હાઈ-વે પર વડોદરા પાટીયા પાસે વાહન ચેકીંગ કરી રહી હતી. તે દરમિયાન મંગળવારના રોજ સવારે ટોયટો કોરોલા કારને તપાસ માટે રોકવા ઈશારો કર્યો હતો. પરંતુ કારના ચાલકે ગાડી દોડાવી મુકી હતી, પોલીસે કારનો પીછો કરતા ગલુદણ પાસે કાર મુકીને ચાલક છુમંતર થઈ ગયો હતો. પોલીસે કારમાં તપાસ કરતા રૂ.૭૬,૮૦૦નો વિદેશી દારુ-બિયરનો જથ્થો ઝડપી પાડ્યો હતો.

પોલીસ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ દહેગામ-નરોડા હાઈ-વે વડોદરા પાટીયા પાસે ડભોડા પોલીસ વાહન ચેકીંગ કરી રહી હતી .ત્યારે ટોયટો કોરોલા નંબર જી.જે.૦૧.એચ.એલ.-૫૩૫૬ આવતા તેને રોકવાનો પ્રયાસ કરાયો હતો. પરંતુ કારના ચાલકે પોલીસને જોઈને કાર ઉભી રાખવાની જગ્યાએ દોડાવી મુકી હતી. ત્યારે પોલીસે પણ કારનો ફિલ્મી ઢબે પીછો કર્યો હતો અને રાયપુર પાસે નાકાબંધી કરાવી હતી. પરંતુ કારના ચાલકે ગલુદણ તરફ કાર દોડાવી મુકી હતી અને ગલુદણ ગામની સીમમાં એક ખેતરની થુવરની વાડની આડશમાં કાર મુકી કાર ચાલક ભાગી ગયો હતો. કારની તપાસ કરતા તેમાંથી ઓફિસ ચોઈસ કલાસીક વ્હીસ્કી ૧૪ પેટીમાંથી ૬૭૨ બોટલ કિંમત રૂ.૭૬,૨૦૦ અને હેવર્ડ બીયર ૪ પેટી કિં. ૯,૬૦૦ કારની કિંમત રૂ.૧.૫૦ લાખ મળી કુલ રૂ. ૨.૨૬.૮૦૦નો મુદામાલ જપ્ત કરી ફરાર કાર ચાલકને શોધવા ડભોડા પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

ગલુદણ ગામેથી નવ લીટર દેશી દારૂ ઝડપાયો

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેર કાઈમ બ્રાન્ચની ટીમના પીએસઆઈ વી.એમ.ઝાલા, તેમજ ટીમના સભ્યો એએસઆઈ અશોકકુમાર અંબાલાલ, અ.હે.કો. દિલિપસિંહ બળદેવજી, પો.કો. દિપક કુમાર મહેન્દ્રસિંહ પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન એએસઆઈ અશોકભાઈ અંબાલાલને ખાનગી રાહે બાતમી મળી કે ગલુદણ ગામની સીમમાં આવેલા ચરામાં જયંતિજી કેશાજી ઠાકોર (રહે. ગલુદણ નદીવાળો વાસ) દેશી દારુ ગાળવાનો તેમજ વેચવાનો ધંધો કરતા હોવાથી સ્થળ પર જઈને રેઈડ કરી આ શખ્સને પકડી પાડ્યો હતો અને તેનો પ્રોહીબીશનનો જથ્થો જેમાં દેશી દારુ લીટર-૯ કિ.રૂ.૧૮૦ તથા દેશી દારુ ગાળવાનો વોશ લીટર-૩૫૦ (કુલ-૧૦ કેરબા) પકડી પાડ્યા હતા અને આરોપી વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

ગાંધીનગરના રાજપૂત પોલીસ અધિકારીએ અઠ્ઠાઈ તપ કર્યુ

અમદાવાદમાં એસીપી તરીકે ફરજ બજાવતા અને સે. ૪-ડીમાં રહેતા જગદીશસિંહ રાઓલનું આકરૂ તપ : અઠવાડિયામાં બે વાર નાઈટ ડ્યુટી સાથે ઉપવાસ કરી રહ્યાં છે

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગરમાં જૈન શ્રદ્ધાળુઓ પવિત્ર પર્યુષણ પર્વ ઉજવી રહ્યાં છે. શહેરના સેક્ટર-૪-ડીમાં રહેતા એક રાજપૂત પોલીસ અધિકારીએ ચાલુ ડ્યુટિએ આકરૂ અઠ્ઠાઈ તપ કર્યુ છે જેના પારણાં આગામી તા. ૧૪મી સપ્ટેમ્બર શુક્રવારના રોજ યોજાશે.

ગાંધીનગરના સેક્ટર-૪-ડીમાં પ્લોટ નં. ૮૮૯/૧ ખાતે રહેતા અને અમદાવાદમાં જી-ડિવિઝનના આસિસ્ટન્ટ કમિશ્નર ઓફ પોલીસનો હોદ્દો ધરાવતા જગદીશસિંહ પૃથ્વીસિંહ રાઓલે શ્રાવણ માસના ઉપવાસની સાથે જ હવે જૈન પરંપરા અનુસાર આકરૂ અઠ્ઠાઈ તપ પણ કર્યુ છે. જૈન પરંપરામાં પણ શ્રદ્ધા ધરાવતા જગદીશસિંહ રાઓલના ઘરે મહાવીર જયંતિએ નરોડાના પદ્માવતી જૈન દેરાસર ખાતે રૂ. ૩૫ હજારની ઉધ્વામણી બોલીને ભગવાન મહાવીરસ્વામીનું પારણું લાવવામાં આવ્યું છે. અત્યારે એસીપી જગદીશસિંહ જી-ડિવીઝન ઉપરાંત એક ડિવિઝનનો પણ વધારાનો ચાર્જ સંભાળી રહ્યાં છે અને તેમાં નાઈટ ડ્યુટિ પણ ક્યારેક નિભાવવી પડી રહી છે. તેઓ ૨૦૦૨ના ગોધરાકાંડમાં સાબરમતી એક્સપ્રેસના એસ-૬ કોચમાં ૫૯ હિન્દુઓને જીવતા સળગાવી દેવાના કેસના તપાસ અધિકારી પણ છે. અત્રે ઉલ્લેખનીય છે કે તેમના પત્નિ રંજનબાએ પણ ૧૪ વર્ષ પૂર્વે અઠ્ઠાઈ તપ કર્યુ હતુ અને સેક્ટર-૨૨ના જૈન દેરાસરમાંથી તે સમયે પણ ભગવાન મહાવીરસ્વામીનું પારણું તેમના ઘરે આવ્યું હતું. જગદીશસિંહે જણાવ્યું હતુ કે 'જૈન ધર્મના ૨૪ તિર્થંકરો મૂળે રાજપૂત હતા તેથી તેમની શ્રદ્ધા જૈનધર્મમાં પણ છે.'

એસીપી જગદીશસિંહ પાસે ૭ પોલીસ સ્ટેશનની જવાબદારી

એસીપી જગદીશસિંહ રાઓલના ચાર્જમાં જી-ડિવિઝનમાં પાંચ પોલીસ સ્ટેશન આવે છે. મેઘાણીનગર, સરદારનગર, નરોડા, કૃષ્ણનગર અને એરપોર્ટ એમ પાંચ પોલીસ સ્ટેશન ઉપરાંત વધારાના ચાર્જમાં એફ-ડિવિઝનમાં દરિયાપુર અને શાહીબાગ સાથે મળીને કુલ ૭ પોલીસ સ્ટેશનનો ચાર્જ સંભાળી રહ્યાં છે. તેઓ રોજ સવારે ૫ વાગે પ્રતિક્રમણ કરે છે અને સાંજે ૬.૩૦ સુધી માત્ર ઉકાળેલુ પાણી લે છે તે પછી કોઈ પ્રકારનો ખોરાક કે પાણી ગ્રહણ કરતા નથી.

ઉવારસદમાંથી ઈકો કારની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૧૧

પાટનગરમાં છેલ્લા ઘણા સમયથી વાહનચોર બેકાબુ બન્યા છે. રાત્રી પેટ્રોલીંગ હોવા છતા ચોર ઈસમો સિફતપૂર્વક વાહન ચોરી પળવારમાં પલાયન થઈ જાય છે. ત્યારે ગાંધીનગરને અડીને આવેલા ઉવારસદ ગામના ચીકાપુરામાંથી અજાણ્યા ચોર ઈસમો ઈલેક્ટ્રીકના વેપારીની ઈકો કારની ઉઠાંતરી કરી ગયા છે. આ અંગે વેપારીએ અડાલજ પોલીસ મથકમાં ગુનો નોંધાવતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ઉવારસદ ગામે રહેતા અલ્પેશભાઈ વિષ્ણુભાઈ પટેલ (ઉં.વ.૩૯) ઈલેક્ટ્રીક ચીજવસ્તુઓનો વેપાર કરે છે. ત્યારે પોતાના વેપાર-ધંધાના વિકાસ માટે ઈલેક્ટ્રીક ચીજવસ્તુઓ એક સ્થળેથી બીજા સ્થળે દુકાનદારોને પહોંચાડવાની હોવાથી ઈકો કાર લીધી હતી. ત્યારે આ ઈકો કાર ગત્ તા.૭ સપ્ટેમ્બરના રોજ બાજુમાં આવેલી ખુલ્લી જગ્યામાં પાર્ક કરી હતી. જયારે સવારે ઘરેથી કામઅર્થે જવા માટે નિત્યક્રમ મુજબ કાર લેવા ગયા ત્યારે ત્યાં કાર જોવા મળી ન હતી. તેઓએ પોતાની કારની શોધખોળ આદરી હતી.પરંતુ કાર ન મળી આવતા તેઓએ અડાલજ પોલીસ મથકે કાર નં જીજે૧૮ બીએફ-૮૧૨૪ ચોરી થયાની ફરિયાદ નોંધાવી હતી. પોલીસે વેપારીની ફરિયાદને પગલે ચોર ઈસમોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

વનતંત્રએ ટ્રીમીંગની સાથે નગરમાં ૧૩૯ જોખમી વૃક્ષોની કટોતી શરૂ કરી

વિધાનસભા પાછળના વિસ્તારમાં વૃક્ષોની નમી પડેલી તોતિંગ ડાળીઓનુ ટ્રીમીંગ પણ હવે હાથ ધરાશે

ગાંધીનગર તા ૧૧

શહેરમાં વનતંત્ર દ્વારા અગાઉ માર્કીંગ કરાયેલા ૧૩૯ જેટલા જોખમી વૃક્ષાની કટોતી કરવામાં આવી રહી છે. અગાઉ શહેરમાં જોખમી વૃક્ષોનો તાગ મેળવવા માટે તંત્ર દ્વારા ઉભા સુકા વૃક્ષોનો સર્વે હાથ ધરાયો હતો. જયારે આ ભયજનક વૃક્ષો ગમે ત્યારે અકસ્માતનુ કારણ ન બને તે માટે તંત્ર કક્ષાએથી આ વૃક્ષોને દુર કરવા માટે અભિયાન હાથ ધરાયુ છે. આ ઉપરાંત નગરના રોડ નં-૩ આસપાસ વૃક્ષોના ટ્રીમીંગનુ કામ પુર્ણ થતા હવે વિધાનસભા પાછળના વિસ્તારમાં ટ્રીમીંગની કામગીરી હાથ ધરાશે.

વરસાદી દિવસો દરમિયાન વનતંત્ર દ્વારા શહેરમાં નવા રોપાઓની વાવણી કરવાનુ અભિયાન હાથ ધરાયુ હતુ. જયારે વરસાદી દિવસોમાં નગરમાં ઠેર ઠેર જોખમી વૃક્ષો પણ જમીનદોસ્ત થતા હોવાના કિસ્સાઓ પ્રકાશમાં આવતા રાહદારીઓના માથે ખતરો જળુંબતો હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ હતુ. નગરના સેકટરો હરિયાળી વનરાજીથી ઘેરાયેલા છે. ત્યારે વરસાદી દિવસો દરમિયાન બે ઠેકાણે વૃક્ષો ધરાશાયી થવાના લીધે નાગરિકોને ઈજા થઈ હોવાના બનાવો પણ ધ્યાને આવ્યા છે. ત્યારે આ સ્થિતિને ધ્યાને લઈ તંત્ર દ્વારા ટ્રીમીંગની કામગીરી હાથ ધરવામાં આવી છે. જેમાં હાલ શહેરના રોડ નં -૩ પર વૃક્ષોના જોખમી ડાળાઓ દુર કરવામાં આવ્યા છે. આ ઉપરાંત હવે વિધાનસભા પાછળના વિસ્તારમાં પણ ટ્રીમીંગની કામગીરી હાથ ધરાશે. વનતંત્ર કક્ષાએથી શહેરમાં ટ્રીમીંગની કામગીરીની સાથે માર્કીંગ કરાયેલા જોખમી વૃક્ષો પણ દુર કરવામાં આવી રહ્યા છે. તંત્ર દ્વારા શહેરમાં ૧૩૯ જેટલા સુકા અને જોખમી સ્થિતિમાં હોય તેવા વૃક્ષોની કટોતી કરવામાં આવી રહી છે. શહેરમાં નમી પડેલા વૃક્ષોની સંખ્યા પણ વિશેષ હોવાનો સુર ઉઠવા પામ્યો છે. ત્યારે આ પ્રકારના ભયજનક વૃક્ષોને પણ દુર હટાવવા માટે વનતંત્ર દ્વારા યોગ્ય પગલા લેવાય તેવી માંગ ઉઠવા પામી છે.

ભાટની સ્વાઈન ફ્લુથી પિડીત મહિલાનું અવસાન

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર તાલુકાના ભાટમાંથી સ્વાઈનફ્લુ પોઝીટીવથી પિડીત મહિલાનું આજે દુઃખદ અવસાન થયુ છે.

ગાંધીનગર તાલુકામાંથી ૩ કેસ સ્વાઈનફ્લુના અત્યાર સુધીમાં મળ્યા છે. આ સિઝનમાં સ્વાઈનફ્લુથી પિડીત મહિલાના અવસાન થયાના સમાચારથી તંત્રમાં સન્નાટો વ્યાપી ગયો છે.

આ મહિલા દર્દી ગાંધીનગર અમદાવાદ માર્ગ પર આવેલ ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ હતી. આરોગ્યતંત્રના સૂત્રોમાંથી જાણવા મળતી વિગતો પ્રમાણે દર્દીના મોત અંગે કારણોની તપાસ કર્યા પછી મોતનું ચોક્કસ કારણ જાહેર કરાશે.

પૂર્વ આઈ.પી.એસ. સંજીવ ભટ્ટના દસ દિવસના રિમાન્ડ મંજૂર થયા

એનડીપીએસના પ્રકરણમાં પાલનપુર કોર્ટે સંજીવ ભટ્ટના રિમાન્ડને નામંજૂર કરતા હાઇકોર્ટમાં અરજી કરાઈ હતી

ગાંધીનગર, તા.૧૧

૨૨ વર્ષ જૂના એનડીપીએસના કેસમાં પાલનપુર કોર્ટે પૂર્વ આઈપીએસ અધિકારી સંજીવ ભટ્ટના રિમાન્ડ નામંજૂર કરતાં સીઆઇડી ક્રાઇમ તરફથી સરકારે હાઈકોર્ટમાં રિટ અરજી દાખલ કરી હતી. હાઈકોર્ટે સીઆઇડી ક્રાઇમની રિમાન્ડની માંગણી ગ્રાહ્ય રાખી હતીઅને પૂર્વ આઈપીએસ અધિકારી સંજીવ ભટ્ટના દસ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. સરકારપક્ષ તરફથી અરજીમાં રજૂઆત કરાઇ હતી કે, એનડીપીએસના ચકચારભર્યા કેસમાં ગુજરાત હાઈકોર્ટના નિર્દેશાનુસાર હાથ ધરાયેલી તપાસમાં આરોપી સંજીવ ભટ્ટ વિરુદ્ધ કેસ ખુલ્યો છે અને પ્રથમદર્શનીય પુરાવા પ્રાપ્ત થયા છે. આ સંજોગોમાં કેસની ન્યાયી અને યોગ્ય તપાસ કરવા માટે સંજીવ ભટ્ટની કસ્ટોડિયલ ઈન્ટ્રોગેશન જરૂરી હોઇ કોર્ટે તેમના રિમાન્ડ મંજૂર કરવા જોઇએ. સીઆઈડી ક્રાઈમે ભટ્ટના ૧૪ દિવસના રિમાન્ડની માંગ કરી હતી. આ સાથે સંજીવ ભટ્ટના રિમાન્ડ માટે અન્ય ૧૮ જેટલા કારણો કોર્ટમાં રજૂ કરાયા હતા.

જેમાં મુખ્ય કારણ અફીણ સાથે પકડાયેલા આરોપીને માર મારી ધમકી આપવામાં આવી હતી અને બોગસ કેસ ઉપજાવી કાઢયો હોવા સહિતના હતા. ઉલ્લેખનીય છે કે, રિટાયર્ડ આઈપીએસ ઓફિસર સંજીવ ભટ્ટની સાથે નિવૃત્ત પીઆઈ વ્યાસ સહિત ૭ની અટકાયત કરવામાં આવી હતી. તપાસના અંતે પુરાવા મળતાં તેમની અટકાયત કરવામાં આવી હતી. હાઈકોર્ટે આ મામલે ફરી તપાસનો આદેશ કર્યો હતો. મૂળ કેસ એવો હતો કે, સને ૧૯૯૮માં પાલનપુર પોલીસ સ્ટેશનમાં નોર્કોટિક્સનો એક કેસ નોંધાયો હતો. જેની ગુજરાત હાઈકોર્ટે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ રચી તપાસ કરવા સીઆઈડી ક્રાઈમને આદેશ કર્યો હતો. જે અંતર્ગત આઈજીપી અજય તોમર, ડીઆઈજી દિપાંકર ત્રિવેદી અને એસપી વિરેન્દ્રસિંહ યાદવ તપાસ કામગીરી બજાવી રહ્યા છે. સાથે જ સેશન્સ જજ જૈનને સેવા નિવૃત્તિ લેવા આદેશ કર્યો હતો. થોડા માસ પૂર્વે કોર્ટની સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમની તપાસમાં નાર્કોટિક્સના કેસ સાથે સંકળાયેલા તમામ પોલીસકર્મીઓ સંજીવ ભટ્ટની વિરૂધ્ધમાં નિવેદન આપ્યા હતા. તેમાં કેસ ખોટો કરવામાં આવ્યો હોવાનું નિવેદન અપાયું હતું. બનાસકાંઠાના એસપી તરીકે સંજીવ ભટ્ટ ફરજ બજાવતા હતાં ત્યારે અમદાવાદ સેશન્સ જજ આર આર જૈને તેમને એક વ્યક્તિગત કેસમાં મદદ કરવા કહ્યું હતું.

ચિલોડા પ્રાથમિક શાળા ખાતે સ્વયં શિક્ષક દિન ઉજવાયો

ગાંધીનગર તાલુકાના ચિલોડા પ્રાથમિક શાળામાં સ્વયંશિક્ષક દિનની ઉજવણીનો કાર્યક્રમ યોજાયો હતો. પમી સપ્ટેમ્બર ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની યાદમાં સોમવારના રોજ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા સ્વયં શિક્ષક દિન નિમિત્તે વિદ્યાર્થીઓ, આચાર્ય, કારકૂન, શિક્ષક તથા સેવકની ભૂમિકા ભજવી તમામ વિદ્યાર્થીઓએ ખુબ ઉત્સાહભેર ભાગ લીધો હતો. તમામ વર્ગોમાં વિદ્યાર્થીઓએ જુદા જુદા વિષયોનું શૈક્ષણિક કાર્ય સંભાળ્યું હતું. એક દિવસીય શૈક્ષણિક કાર્યનો અનુભવ સાથે સફળ સંચાલન કરવામાં શિક્ષકના પરિવેશમાં શિક્ષકો બની સંચાલન કરતા બાળકોને શાળાના આચાર્ય હર્ષદભાઈ પટેલ, સ્ટાફ પરિવારે વિદ્યાર્થીઓની કામગીરીને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ૧૦ શાળાઓમાં ગણેશની મૂર્તિ અર્પણ

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શામળાજી વિસ્તારની ૧૦ શાળાઓમાં ગણપતિજીની મૂર્તિ આપવામાં આવી હતી. કુસ્કી, અઢેરા, નવલપુર, ગોઢ, હિંમતનગર વિગેરે શાળાઓમાં આ મૂર્તિ કાયમ માટે પ્રાર્થનામાં રહેશે. આનુ વિસર્જન પણ કરવામાં નહીં આવે. અત્યાર સુધી છેલ્લા પાંચ વર્ષમાં ૫૦ શાળાઓ આવરી લીધી છે. ગણપતિદાદાને પ્રાપ્ત કરતા શિક્ષકો તથા વિદ્યાર્થીઓ ખુશ ખુશાલ થયા હતા. બે શાળાઓમાં બાળકોને નાસ્તો પણ કરાવ્યો હતો. જીઈબીના નિવૃત્ત મુખ્ય ઈજનેર શુકલભાઈ, નિખિલ ભટ્ટ, યોગેશ, ભીમજીભાઈ તથા મિલિંદભાઈ સાથે હતા.

ગુજરાતમાં પેટ્રોલ-ડીઝલના વેરામાં કોઈ ઘટાડો નહીં થાય

ચૂંટણી પહેલા વેટમાં કુલ ચાર ટકા સુધીનો ઘટાડો કરાયો હતો : કોંગ્રેસ શાસિત રાજ્યો કરતા ગુજરાતમાં વેરો ઓછો

ગાંધીનગર,તા.૧૧

પેટ્રોલ ડીઝલના ભાવ બેકાબૂ થયેલા છે ત્યારે ગુજરાત સરકારે કોઈપણ રાહત આપવાનો આજે ઈન્કાર કરી દીધો હતો. વિધાનસભાની ચૂંટણી અગાઉ વેટમાં ચાર ટકાનો ઘટાડો કરવામાં આવ્યો હતો. દેશના અન્ય રાજ્યો કરતા ગુજરાતમાં વેટ અને સેસના દરો ખુબ ઓછા છે. ગુજરાતના નાણામંત્રી નીતિન પટેલે આજે કહ્યું હતું કે, ગુજરાતમાં હાલમાં પેટ્રોલ અને ડીઝલના વેરાના દરમાં કોઈ ઘટાડો કરવામાં આવનાર નથી. સરકારના આ નિવેદનથી સામાન્ય લોકોમાં નારાજગી ફેલાય તેવી શક્યતા છે. દેશભરમાં હાલ પેટ્રોલ ડીઝલના ભાવ સતત વધી રહ્યા છે ત્યારે ગુજરાત સરકારે પણ હવે હાથ ઉંચા કરી દીધા છે. નીતિન પટેલે કહ્યું છે કે, પેટ્રોલ અને ડીઝલના ભાવ વધારાને લઈને આંતરરાષ્ટ્રીય સ્થિતિ જવાબદાર દેખાઈ રહી છે. છેલ્લી વિધાનસભાની ચૂંટણી પહેલા ૧૦મી ઓક્ટોબર ૨૦૧૭ના દિવસે ગુજરાત સરકારે વેટના દરમાં ચાર ટકાનો ઘટાડો કર્યો હતો. હાલમાં કોંગ્રેસ શાસિત રાજ્યો કરતા ગુજરાતમાં પેટ્રોલ ડીઝલ ઉપર વેરો ઓછો લેવામાં આવે છે. પ્રજાને હાલમાં પરેશાની થઈ રહી છે પરંતુ ગુજરાત સરકારની તિજોરી વેરાથી ઉભરાઈ રહી છે. કેન્દ્ર સરકાર દ્વારા એક્સાઈઝ ડ્યુટી, સેન્ટ્રલ વેટ અને અન્ય પ્રકારના વેરાની વસુલાત કરવામાં આવ્યા બાદ ગુજરાત સહિતના રાજ્યો દ્વારા પણ વેટ ઉપરાંત સેસ સહિતના વેરા વસુલ કરવામાં આવે છે જેના લીધે કિંમતોમાં વધારો થઈ જાય છે. અમદાવાદ શહેરમાં પેટ્રોલ ડીઝલની કિંમત આસમાને પહોંચી છે. ગુજરાતમાં પેટ્રોલના વેચાણના કારણે ત્રણ હજાર કરોડથી વધુ રૂપિયાની આવક થાય છે જ્યારે ડીઝલ ઉપર વેરાની વર્ષે ૮૦૦૦ કરોડ રૂપિયા કરતાની વધુની આવક થાય છે. નાણામંત્રી નીતિન પટેલના નિવેદનથી લોકોમાં ફરી એકવાર નિરાશા ફેલાઈ ગઈ છે.

ગુજરાત સરકાર

મહેસૂલ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર

જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુર્નવસવાટ અધિનિયમમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ ૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)

જિલ્લો : અરવલ્લી — તા. ૧૩/૮/૨૦૧૮

ક્રમાંક : અમ-૨૦૧૮-૬૨૪-મ-જઅવ-૧૨૧૮-૧૫૨૧-ચ

રાજ્ય સરકારને જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુર્નવસવાટ અધિનિયમમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ ૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો) અન્વયે મળેલી સત્તા અન્વયે એમ લાગે છે કે, આ સાથે જાહેર અનુસૂચિતમાં નિર્દિષ્ટ કરેલ જમીનોની મોડાસા - શામળાજી નવીન બ્રોડગેજ રેલવે લાઈન નાખવાના જાહેર હેતુ માટે જરૂર પડવાનો સંભવ છે.

૧. આથી જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુર્નવસવાટ અધિનિયમમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ ૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો) (જેનો આમાં હવે પછી સદરહુ અધિનિયમ તેમાં ઉલ્લેખ કરવામાં આવેલ છે તે)ની કલમ-૨(૧) તથા તે અંગેના નિયમોથી મળેલ અધિકાર અન્વયે ગુજરાત સરકાર આથી ઉક્ત જમીનો ઉપરોક્ત પ્રોજેક્ટના જાહેર હેતુ માટે કાયદાનુસાર સંપાદન કરવાનો ઈરાદો જાહેર કરે છે.

૨. હવે જ્યારે ઉક્ત અનુસુચિત જમીનમાં સુચિત પ્રોજેક્ટ માટે જમીન સંપાદનની દરખાસ્ત રજૂ થયેલ છે ત્યારે આ પ્રોજેક્ટ માટેસંપાદન કરવાની થતી ઉપરોક્ત ઓછામાં ઓછી જમીનનો અનુસુચિ મુજબનો કુલ વિસ્તાર હે.આરે.ચો.મી. ૨-૪૧-૭૨ તે અરવલ્લી જિલ્લાની હદમાં આવેલ છે.

૩. હવે જ્યારે ઉક્ત પ્રોજેક્ટ માટે સદરહુ સંપાદન કરવાની થતી ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૨-૪૧-૭૨ જમીનને સદરહુ અધિનિયમના પ્રકરણ-૨ અને ૩ની જોગવાઈઓ અમલવારીમાંથી મુક્તિ આપવાનું રાજ્ય સરકારને જાહેર હિતમાં આવશ્યક જણાય છે.

૪. તેથી સદરહુ અધિનિયમની કલમ-૧૦(એ) (જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુર્નવસવાટ અધિનિયમમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ ૨૦૧૩ (૨૦૧૬ની ગુજરાત અધિનિયમ-૧૨મોની કલમ-૩થી દાખલ કરેલ)થી મળેલ અધિકારો અન્વયે રાજ્ય સરકાર આથી જાહેર હિતમાં મોડાસા - શામળાજી નવી બ્રોડગેજ રેલવે લાઈન બનાવવાના જાહેર હેતુ માટે સંપાદન કરવાની થતી નીચે જણાવેલ અનુસુચિમાં સમાવિષ્ટ થયેલ હે.આરે.ચો.મી. ૨-૪૧-૭૨ જમીનને સદરહુ અધિનિયમના પ્રકરણ-૨ અને ૩ની જોગવાઈઓની અમલવારીમાંથી મુક્તિ આપે છે.

મોડાસા-શામળાજી નવીન બ્રોડગેજ રેલવે લાઈન નાખવાના જાહેર હેતુ માટે.

અનુસુચિ

જિલ્લો : અરવલ્લી — તાલુકા : મોડાસા — ગામ : ગણેશપુરા

સર્વે નંબર	જરૂરી જમીનનો વિસ્તાર હે.આરે. પ્રતિ ચો.મી.	સર્વે નંબર	જરૂરી જમીનનો વિસ્તાર હે.આરે. પ્રતિ ચો.મી.
૨૩૩ પૈકી	૦-૧૮-૩૪	જૂના સ.નં.૩૫ પૈકી	
૨૩૮ પૈકી	૦-૪૨-૪૫	૧ પૈકી ૧ બિનખેતી	
૨૩૯ પૈકી	૦-૦૩-૧૮	" પ્લોટ નં. ૨૯	૦-૦૦-૦૧.૪૯
૨૪૧ પૈકી	૦-૩૯-૩૫	" પ્લોટ નં. ૩૦	૦-૦૦-૩૧.૩૮
૨૪૨ પૈકી	૦-૨૦-૮૫	" પ્લોટ નં. ૧	૦-૦૦-૩૧.૩૯
૨૪૩ પૈકી	૦-૦૬-૦૯	" પ્લોટ નં. ૨	૦-૦૦-૩૧.૨૪
૨૪૪ પૈકી	૦-૦૭-૭૨	" પ્લોટ નં. ૩	૦-૦૦-૨૪
૨૪૫ પૈકી	૦-૩૪-૫૪	" પ્લોટ નં. ૧૩	૦-૦૦-૦૫
૨૫૦ પૈકી	૦-૧૪-૫૦	" પ્લોટ નં.૧૪	૦-૦૦-૨૮.૭૪
૨૫૧ પૈકી	૦-૪૦-૭૮	" પ્લોટ નં. ૧૫	૦-૦૦-૩૧.૨૪
૨૫૩ પૈકી	૦-૦૦-૯૭	" પ્લોટ નં. ૧૬	૦-૦૦-૩૩.૦૭
		" પ્લોટ નં. ૧૭	૦-૦૦-૨૭
		" પ્લોટ નં. ૧૮	૦-૦૦-૨૫.૫૦
		" પ્લોટ નં. ૧૯	૦-૦૦-૨૭.૨૫
		" પ્લોટ નં. ૨૦	૦-૦૦-૩૧.૫૦
		" પ્લોટ નં.૨૧	૦-૦૦-૦૮
		૩૫/૧ અને ૩૫/૧ પૈ. ૧ રસ્તો મારજીન	૦-૦૦૮૨.૧૩
		૩૫/૧/૧ રસ્તા મારજીન	૦-૦૮-૭૬.૦૭
		કુલ :-	**૨-૪૧-૭૨**

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(એચ. જે. રાઠોડ)

ઉપસચિવ

માહિતી/હિંમત/૨૯૭/૧૮ — **મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર**